# બર્થરાઇટ સિટિઝનશિપ

**વિઝા મિત્ર**
★ સંગીતા જોશી



1895 માં વૉંગ કિમ આર્ક નામનો એક ચાઈનીઝ માણસ ચીનનો નાનો પ્રવાસ કરીને અમેરિકા પાછો ફરતો હતો ત્યારે એને સાનફ્રાન્સિસ્કોના એરપોર્ટ ઉપર કસ્ટમ ઓફિસરે અમેરિકામાં પાછો પ્રવેશવા દેવાની મનાઈ કરી અને અટકાવી દીધો.

લગભગ 150 વર્ષ પહેલાં 1868 માં જ્યારે અમેરિકાના કોંગ્રેસના સભ્યોએ 14 મો બંધારણીય સુધારો દાખલ કર્યો ત્યારે એમાં એમણે એક સીધુંસાદું વાક્ય લખ્યું. ''દરેક વ્યક્તિ જે અમેરિકાની ધરતી પર જન્મ્યો હોય કે જેણે અમેરિકાની સિટિઝનશીપ કુદરતી સંબંધોના આધારે પ્રાપ્ત કરી હોય અને કાયદાકીય સત્તાના નિયંત્રણમાં રહેતો હોય એને યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાનો નાગરિક ગણવો.''

વૉંગ કિમ આર્કનો જન્મ અમેરિકાની ધરતી ઉપર થયો હતો. એનાં માતા-પિતા બંને અમેરિકામાં ઈલિગલ ઈમિગ્રન્ટો હતાં અને એ બંને અમેરિકાના નાગરિક થાય એવી કોઈ શક્યતાઓ પણ નહોતી.

આ વૉંગને જ્યારે  સાનફ્રાન્સિસ્કોની સરહદ પર અટકાવવામાં આવ્યો ત્યારે એન્ટી ચાઈનીઝ લોબીએ એને અમેરિકામાં દાખલ થતો અટકાવવા અને એની નાગરિકતાને પડકારવા માટે ઘણા ધમપછાડા કર્યા. એમણે ઈલિગલ ઈમિગ્રન્ટના બાળકને નાગરિકતા ન મળવી જોઈએ એવો ચૌદમા અમેન્ડમેન્ટ એક્ટમાં સુધારો લાવવા માટે પણ ઘણી કોશિશ કરી પણ સુપ્રીમ કોર્ટે ચોખ્ખો ચુકાદો આપી દીધો કે 14મા સુધારામાં જે વાક્ય લખવામાં આવ્યું છે એનો જે અર્થ થાય છે એ જ અર્થને ધ્યાનમાં લેવો અને બીજાં અર્થઘટનો ન કરવાં. યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં જન્મેલ વ્યક્તિ અમેરિકાની નાગરિક ગણાવી જ જોઈએ ભલે એનાં માતા-પિતા ગમે ત્યાંના નાગરિક હોય.

ટ્રમ્પની સરકારે જાન્યુઆરી 2025 માં 14મા બંધારણીય સુધારાને નજરઅંદાજ કરીને એક એક્ઝિક્યુટિવ ઓર્ડર બહાર પાડ્યો જેમાં ફેડરલ ગવર્મેન્ટને સૂચના આપવામાં આવી કે જે માતા-પિતા અમેરિકાના નાગરિક ન હોય અથવા કાયદાકીય રીતે પરમેનેન્ટ રહેવાસી (ગ્રીન કાર્ડ ધારક)  હોય તેમનાં બાળકોને અમેરિકન નાગરિકતાનો હક ન મળવો જોઈએ. અમેરિકાની દરેકે દરેક કોર્ટે તુરંત જ આ ઓર્ડરને અટકાવી દીધો.

કોર્ટમાં હવે જ્યારે કેસ ચાલુ થયો છે ત્યારે જાતજાતની દલીલો થઈ રહી છે.

જો ઈલિગલ ઈમિગ્રન્ટનું બાળક હોય અને એને અમેરિકાની નાગરિકતા આપવામાં આવે તો એની નિષ્ઠા કે વફાદારી અમેરિકા પ્રત્યે રહેશે કે એનાં માતાપિતા જ્યાં જન્મેલાં હશે એ દેશ પ્રત્યે રહેશે? જે માતાપિતા પાસે બે દેશની નાગરિકતા એટલે કે ડ્યુઅલ સિટિઝનશિપ હશે એનું બાળક કયા દેશ પ્રત્યે નિષ્ઠા કે વફાદારી દાખવશે? અથવા તો એક મોટો પ્રશ્ન ઉપસ્થિત થઈ શકે કે જે લોકોની પોતાની પાસે ડ્યુઅલ સિટિઝનશિપ હોય એ લોકોની વફાદારી કયા દેશ પ્રત્યે રહેશે?

આજે જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે ઘમાસાણ યુદ્ધ ચાલી રહ્યું છે ત્યારે જો ઈરાનનાં ઈલિગલ મા બાપ કે ડ્યુઅલ સિટિઝનશિપ ધરાવતાં માતા -\R પિતાનું બાળક જેને ફક્ત જન્મના કારણે અમેરિકાની સિટિઝનશિપ મળી છે એ શું ખરેખર અમેરિકાને વફાદાર રહેશે? શું એ સંપૂર્ણપણે અમેરિકાનો પ્રજાજન નહીં ગણાય?

છેલ્લાં 150 વર્ષથી અમેરિકાના બંધારણે ઈલિગલ ઈમિગ્રન્ટના અમેરિકામાં જન્મેલા અને સિટિઝનશિપ પ્રાપ્ત કરેલા બાળકને કે ડ્યુઅલ સિટિઝનશિપ ધરાવતાં માતા-પિતાના બાળકની નિષ્ઠા કે વફાદારી કે નાગરિકતા સામે પ્રશ્નો ઉઠાવ્યા નથી. વૉંગના કેસનો ચુકાદો એકદમ ચોખ્ખા શબ્દોમાં જણાવે છે કે 14મા બંધારણીય સુધારામાં જણાવવામાં આવ્યા પ્રમાણે જે બાળક અમેરિકાની ધરતી ઉપર જન્મ્યું હોય એના માબાપનું સ્ટેટસ ગમે તે હોય એ અમેરિકાનું નાગરિક જ ગણાય અને એમાં કોઈ બેમત હોય જ નહીં.


જો પ્રેસિડેન્ટ ટ્રમ્પની થિયરી સાથે સુપ્રીમ કોર્ટ સંમત થાય તો એનાં પરિણામો ખૂબ જ ગંભીર આવી શકે. દર વર્ષે ઈલિગલ ઈમિગ્રન્ટો અને નોન ઈમિગ્રન્ટ વિઝા (જેવા કે એચવનબી) પર રહેનારા લોકો હજારો

**જો ઇલિગલ ઇમિગ્રન્ટનું બાળક હોય અને એને અમેરિકાની નાગરિકતા આપવામાં આવે તો એની નિષ્ઠા કે વફાદારી અમેરિકા પ્રત્યે રહેશે કે એનાં માતાપિતા જ્યાં જન્મેલાં હશે એ દેશ પ્રત્યે રહેશે? જે માતાપિતા પાસે બે દેશની નાગરિકતા એટલે કે ડ્યુઅલ સિટિઝનશિપ હશે એનું બાળક કયા દેશ પ્રત્યે નિષ્ઠા કે વફાદારી દાખવશે? અથવા તો એક મોટો પ્રશ્ન ઉપસ્થિત થઇ શકે કે જે લોકોની પોતાની પાસે ડ્યુઅલ સિટિઝનશિપ હોય એ લોકોની વફાદારી કયા દેશ પ્રત્યે રહેશે?**

બાળકોને જન્મ આપે છે. એ બાળકો અમેરિકન નાગરિક નહીં ગણાય. એ બધા જ ઈલિગલ ગણાશે અને એમને જન્મતાંની સાથે જ અમેરિકામાંથી કાઢી મૂકવામાં આવશે અથવા તો અમેરિકામાંથી નીકળી જવાની એમને ફરજ પડશે. કાયદેસર રીતે રહેનારા નોનઈમિગ્રન્ટ માતા-પિતાએ પોતાના બાળકને કાયદેસરનું નાગરિક બનાવવા માટે કાયદાની લાંબી પ્રક્રિયા અને કાગળપત્તરની કડાકૂટમાં પડવું પડશે. અમેરિકાના નાગરિકોએ પણ પ્રત્યેક બાળકના જન્મ સાથે જ પોતાની નાગરિકતા અને કાયદેસરનું ઈમિગ્રન્ટ સ્ટેટસ સાબિત કરવાની કડાકૂટમાં પડવું પડશે. બાળકને નાગરિક સાબિત કરવા માટે ફક્ત જન્મનું પ્રમાણપત્ર પૂરતું નહીં રહે.

# ગુજરાત સરકાર રાજયમાં  ગ્રાહક કમિશનોમાં હાઈબ્રિડ સુનાવણી સિસ્ટમ અમલમાં મૂકશે?

**ગ્રાહક મંચ**
★ શ્રેયસ દેસાઈ (એડવોકેટ)



**આજના ડિજિટલ યુગમાં હાઈબ્રિડ સુનાવણી પ્રણાલી સમયની માંગ છે અને તે ન્યાય પ્રાપ્તિની પ્રક્રિયાને વધુ ઝડપી, પારદર્શક અને સુલભ બનાવે છે**

દિલ્હી હાઈકોર્ટે તાજેતરમાં ગ્રાહક ન્યાયવ્યવસ્થાને વધુ અસરકારક અને સુલભ બનાવવા માટે મહત્ત્વપૂર્ણ આદેશ આપ્યો છે. દિલ્હી હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા આ ચુકાદામાં જિલ્લાના ગ્રાહક વિવાદ નિવારણ કમિશનોમાં વિડિયો કોન્ફરન્સિંગ સુવિધા ફરી શરૂ કરવાની દિશામાં સ્પષ્ટ નિર્દેશ આપવામાં આવ્યા છે. આ કેસ S.B. Tripathi v. Union of India | Others તરીકે ઓળખાય છે અને તેનો નિર્ણય તા. 24 ફેબ્રુઆરી, 2026ના રોજ આપવામાં આવ્યો હતો.

આ કેસમાં અરજદાર સ્વયં એક વકીલ હતા અને તેમણે પબ્લિક ઈન્ટરેસ્ટ લિટિગેશન (PIL) તરીકે અરજી દાખલ કરી હતી. અરજીમાં જણાવાયું હતું કે COVID-19 દરમિયાન દિલ્હી સ્થિત તમામ જિલ્લા ગ્રાહક કમિશનોમાં વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા સુનાવણીની વ્યવસ્થા કાર્યરત હતી પરંતુ પેન્ડેમિક પછી આ સુવિધા બંધ કરી દેવામાં આવી છે. જ્યારે બીજી બાજુ, સુપ્રીમ કોર્ટ, હાઈકોર્ટ તથા સ્ટેટ ગ્રાહક કમિશનમાં Online/offline એટલે કે હાઈબ્રિડ સુનાવણી પદ્ધતિ હજુ પણ ચાલુ છે. આ પરિસ્થિતિમાં જિલ્લા સ્તરે આ સુવિધા બંધ રાખવાનું કોઈ વાજબી કારણ નથી.

અરજદાર દ્વારા વધુમાં રજૂઆત કરવામાં આવી હતી કે દિલ્હીમાં આવેલી દસેય જિલ્લા ગ્રાહક કમિશનો અલગ અલગ વિસ્તારોમાં આવેલી હોવાથી વકીલો માટે એક જ દિવસે વિવિધ કમિશનમાં હાજર રહેવું ખૂબ મુશ્કેલ બની જાય છે. જો વિડિયો કોન્ફરન્સિંગ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે તો ન માત્ર વકીલોને સરળતા રહેશે પરંતુ સામાન્ય ગ્રાહકોને પણ સમય અને ખર્ચ બંનેમાં રાહત મળશે.

આ અરજીમાં સ્ટાફની અછતનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો. અરજદારનું કહેવું હતું કે 1986ના ગ્રાહક સંરક્ષણ અધિનિયમ સમયની મંજૂર થયેલી સ્ટાફની સંખ્યા આજ સુધી યથાવત છે, જ્યારે કેસોની સંખ્યા બહુ વધી ગઈ છે. જેના કારણે કામકાજમાં વિલંબ થાય છે. જો કે, કોર્ટે નોંધ્યું કે આ મુદ્દો પહેલાથી જ અન્ય પેન્ડિંગ PIL તથા કન્ટેમ્પ્ટ પિટિશનમાં વિચારાધીન છે, તેથી આ કેસમાં તે મુદ્દે અલગથી કોઈ આદેશ આપવાની જરૂર નથી.

વિડિયો કોન્ફરન્સિંગ અંગે કોર્ટે નોંધ્યું કે હાલ દસમાંથી માત્ર ચાર જિલ્લા કમિશનમાં જ આ સુવિધા ઉપલબ્ધ છે. બાકીની છ કમિશનમાં હજુ સુધી આ વ્યવસ્થા કાર્યરત નથી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કોર્ટે સ્પષ્ટ નિર્દેશ આપ્યો કે બાકી રહેલી તમામ જિલ્લા ગ્રાહક કમિશનોમાં પણ હાઈબ્રિડ સુનાવણી માટે વિડિયો કોન્ફરન્સિંગ સુવિધા શરૂ કરવી ફરજિયાત છે.

કોર્ટે આદેશ આપ્યો કે પશ્ચિમ, ન્યૂ દિલ્હી, નોર્થ-વેસ્ટ, સેન્ટ્રલ, ઈસ્ટ અને સાઉથ જિલ્લા કમિશનોમાં આ સુવિધા આગામી આઠ અઠવાડિયામાં કાર્યરત કરવામાં આવે. વધુમાં, દરેક કમિશન દ્વારા પ્રકાશિત થતી દૈનિક cause list માં વિડિયો કોન્ફરન્સિંગની લિંક આપવી પણ ફરજિયાત રહેશે, જેથી પક્ષકારો અને વકીલો સરળતાથી ઓનલાઈન સુનાવણીમાં જોડાઈ શકે.

આ આદેશ ગ્રાહક ન્યાયવ્યવસ્થાને આધુનિક અને સુલભ બનાવવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું છે. આજના ડિજિટલ યુગમાં હાઈબ્રિડ સુનાવણી પ્રણાલી સમયની માંગ છે અને તે ન્યાય પ્રાપ્તિની પ્રક્રિયાને વધુ ઝડપી, પારદર્શક અને સુલભ બનાવે છે. દિલ્હી હાઈકોર્ટનો આ નિર્ણય અન્ય રાજ્યો માટે પણ માર્ગદર્શક બની શકે છે અને સમગ્ર દેશમાં ગ્રાહક કમિશનોમાં આવી સુવિધા અમલમાં લાવવા માટે પ્રેરણા આપી શકે છે.

ગુજરાત સરકાર રાજયમાં ગ્રાહક કમિશનોમાં hybrid hearingની સીસ્ટમ અમલમાં મૂકશે?